# ૧૪ ગુણસ્થાનક એટલે જીવનો વિકાસક્રમ

101

☞ **(૧) મિથ્યાત્વ ગુણસ્થાન :** ગાઢ અંધકારમાં માનવીને જેમ કાંઈ ન સૂજે, તેમ આ અવસ્થામાં જીવને જીવનની સાચી દિશા સૂઝતી નથી. અર્થાત્ જે કરવાનું હોય તે ન કરે અને ન કરવાનું હોય તે કરે છે. આવી અવસ્થામાં અથડાતાં કૂટાતાં સદ્‌ભાગ્યે કોઈ કલ્યાણ મિત્ર યા ત્યાગી-તપસ્વી મહાત્માઓનો સુયોગ સાંપડે અને તેમનાં વારંવાર સત્સંગ-સંપર્કથી, ધર્મોપદેશનાં શ્રવણ-મનનથી અપૂર્વ (અનાદિ સંસારમાં પહેલાં ક્યારે પણ ન આવેલો) અધ્યવસાય (મનમાં શુભ વિચારોની ધારા) પ્રગટ થાય, કે જેનાથી અનાદિ કાળની રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ કરીને (ગ્રંથી ભેદ પછી અન્તર્મુહૂર્તે) અનાદિની મિથ્યાત્વ દશાના પંજામાંથી છૂટી, સર્વ પ્રથમ જીવ ઉપશમ સમ્યકત્વરૂપ ચોથા ગુણસ્થાનકને સ્પર્શે (પામે) છે. (કોઈ જીવ ૫-૬-૭માં ગુણસ્થાનકને પણ પામે છે.)

☞ **(૨) સાસ્વાદન ગુણસ્થાન :** ઉપશમ સમ્યક્ત્વ પામેલો જીવ કોઈ નિમિત્ત વશ બની પડે. (પતન થાય) ત્યારે પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે પહોંચતાં અલ્પ સમય (જઘન્યથી ૧ સમય ઉત્કૃષ્ટથી છ આવલિકા) માટે સમ્યક્ત્વનો સ્વાદ રહી જાય છે, તે આ ગુણસ્થાનક. (આ ગુણસ્થાનકથી આત્મા પડતો જ હોય છે.)

☞ **(૩) મિશ્ર ગુણસ્થાનક :** વીતરાગ કથિત ધર્મ પ્રત્યે રાગ-દ્વેષ (રુચિ-અરુચિ) બંનેમાંથી એક પણ ન હોય, તેવી સ્થિતિ આ ગુણસ્થાનકવાળાની હોય છે. જો કે આવાં પરિણામ અન્તર્મુહૂર્તથી વધુ આત્મામાં ટકતાં પણ નથી.

☞ **(૪) અવિરતસમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનક :** સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) ગુણને પામેલો જીવ આ ગુણસ્થાનકે આવે છે. આ રીતે આત્મશુદ્ધિના વિકાસનો એકડો અહીંથી શરૂ થાય છે. આત્માના પૂર્ણ વિકાસમાં (યાવત્ મોક્ષ પ્રાપ્તિ સુધી) આ ગુણસ્થાનક મહત્ત્વનો ભાગ ભજવે છે. વિવેકચક્ષુ જીવનમાં અહીં ખૂલી જાય છે. હેય (છોડવા જેવું) અને ઉપાદેય (સ્વીકારવા જેવું)ની બાબતમાં જ્ઞાનીના વચનોમાં પૂર્ણ વિશ્વાસ જાગે છે.

☞ **(૫) દેશવિરત ગુણસ્થાનક :** સમ્યક્‌શ્રદ્ધા-સમજના બળે આગળ વધતો જીવ સાવદ્ય પાપમય વ્યાપારોના સર્વત્યાગના લક્ષ્યને નજર સામે રાખી, અલ્પ ત્યાગમાં આવે, ત્યારે આ ગુણસ્થાનકને પામે. (ઉપર મુજબ ત્રણે પ્રકારના સમ્યક્ત્વી અહીં તેમજ ૬-૭માં ગુણસ્થાનકે પણ હોય છે.)

☞ **(૬) પ્રમત્તસંયત :** સાંસારિક બંધનોમાંથી છૂટી સર્વસાવદ્ય-પાપમય વ્યાપારોના ત્યાગની સર્વ પ્રકારે પ્રતિજ્ઞા-પચ્ચક્‌ખાણ દ્વારા સંસાર (ભવોદધિ) તારક સંયમ માર્ગની આરાધના કરતો જીવ આ ગુણસ્થાનકે હોય છે.

☞ **(૭) અપ્રમત્તસંયત :** સંયમ માર્ગની સર્વોત્તમ આરાધના સાથે સ્વ (આત્મા) ગુણમાં રમતો જીવ આ ગુણસ્થાનકે હોય છે, (૬-૭ આ બંને ગુણસ્થાનકમાં જીવ દેશોન-પૂર્વ કોટિ કાળ સુધી (ક્રોડ પૂર્વ) રહે છે, પરંતુ બંનેમાંના ગમે તે એક ગુણસ્થાનકે અંતર્મુહૂર્તથી વધુ સમય રહેતો નથી. જઘન્યથી ૧ સમય પણ રહે છે.)

☞ **(૮) અપૂર્વકરણ :** અપૂર્વ અધ્યવસાયના બળે ચારિત્ર મોહનીય કર્મના ઉપશમ કે ક્ષય માટેની તૈયારી આ ગુણસ્થાનકે થાય છે.

હવે ઉપશમશ્રેણિ★ તથા ક્ષપકશ્રેણિનો★ પ્રારંભ અહીંથી થયો કહેવાય.

---

★ ઉપશમશ્રેણિ એટલે આત્મામાં મોહનીય કર્મની ઉપશમ (અનુદય) અવસ્થા કરવી...

★ ક્ષપકશ્રેણિ એટલે મોહનીય કર્મનો આત્મામાંથી સંપૂર્ણ નાશ કરવો...



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org